પોલીસ કમિશનર, અમદાવાદ શહેર.

# જાહેરનામું

## ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧

ક્રમાંક :ક.૨/હદ વિસ્તાર૭૦૮/૨૦૧૫
તા.૨૬/૫/૨૦૧૫

અમદાવાદ શહેરના સાબરમતી નદી વિસ્તારમાં સાબરમતી રીવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસ સ્ટેશન તથા સાબરમતી રીવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસ સ્ટેશન નવા ખોલવા માટે અનુક્રમે ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંક મહક/૧૦૨૦૧૨/૩૪૮૯/સ તા.૨૮/૧૧/૨૦૧૩ તથા ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંક મહક/૧૦૨૦૧૩/૩૬૪૨/સ તા.૧૬/૧૦/૨૦૧૪ થી મંજૂરી આપવામાં આવેલ છે. જેથી અમદાવાદ શહેરના સાબરમતી નદીના પૂર્વ તથા પશ્ચિમ તરફના કિનારાની ઉત્તર દિશાથી દક્ષિણ દિશા સુધીના વિસ્તારને ઉપરોક્ત બન્ને નવા પોલીસ સ્ટેશનના હદ વિસ્તાર નક્કી કરવા માટે સંબધીત પોલીસ સ્ટેશનની હદમાં ફેરફાર કરી, ગુજરાત પોલીસ અધિનિયમ (૧૯૫૧ ના ૨૨ પાના) કલમ-૧૨ થી અપાયેલ સત્તાની રૂએ હું શિવાનંદ ઝા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, આથી નીચે જણાવ્યા મુજબના પોલીસ સ્ટેશનના ઉપ વિભાગમાં ફેરફાર કરી ઉપરોકત બન્ને નવા પોલીસ સ્ટેશનના વિસ્તારમાં સમાવેશ કરવા તા.૨૭/૫/૨૦૧૫ ના કલાક 0.00 થી અસ્તિત્વમાં આવે તે રીતે નક્કી કરુ છું.

### સાબરમતી રીવરફ્રન્ટ પોલીસ સ્ટેશન (ઇસ્ટ)નો હદ વિસ્તાર:

ગાંધીબ્રિજ નીચેના ઉત્તર છેડેથી, શરુ કરીને ઉત્તર તરફ દધિચીબ્રિજ, સુભાષબ્રિજ, રેલ્વેબ્રિજ, નીચેના ભાગ સહીત ઉત્તર દિશામાં અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં સાબરમતી નદીના પાણી તથા પટ સહીત પૂર્વ તથા પશ્ચિમના રીવરફ્રન્ટમાં આવેલ રોડ, રસ્તાઓ તથા ફુટપાથ સહીતના સમગ્ર વિસ્તારનો સમાવેશ થાય છે.

(૧) સરદારનગર પો.સ્ટે. :

સાબરમતી નદીના ઉત્તરે પોલીસ કમિશનરેટ વિસ્તારથી દક્ષિણ દિશા તરફ સાબરમતી કિનારે રાસ્કા પ્રોજેક્ટની પાણીની પાઇપ લાઇન છે ત્યાં સુધી નદીના પટ સિવાય સાબરમતી નદીના કિનારાનો વિસ્તાર સરદારનગર પોલીસ સ્ટેશન હદમાં રહેશે.

શાખા
આવક : 2593114
તારીખ: 25/ 5/2015

(૨) શાહીબાગ પો.સ્ટે. :

સાબરમતી નદીના ઉત્તરે કિનારાના રાસ્કા પ્રોજેક્ટની પાણીની પાઇપ લાઇનથી તરત શરુ થઇ દક્ષિણ દિશાના કિનારેથી રેલવેબ્રિજ સુધી નદીના પટ સિવાય કિનારાનો વિસ્તાર જેમાં કિનારાની હદમાં આવતા રેલવે બ્રિજના ભાગ સાથેનો વિસ્તાર શાહીબાગ પોલીસ સ્ટેશન હદમાં રહેશે.

(૩) માધુપુરા પો.સ્ટે. :

સાબરમતી નદીના ઉત્તર દિશા તરફના રેલ્વેબ્રિજ પછીના તરતથી શરુ થઇ દક્ષિણ દિશા તરફ સુભાષબ્રિજ થઇ દુધેશ્વરના દધિચીબ્રિજ થઇ ગાંધીબ્રિજ સુધીનો નદીના પટ સિવાયનો કિનારાનો વિસ્તાર જેમાં કિનારાની હદમાં આવતાં સુભાષબ્રિજ, દધિચીબ્રિજ, તથા ગાંધીબ્રિજના ભાગ સાથેનો વિસ્તાર માધુપુરા પોલીસ સ્ટેશન હદમાં રહેશે.

(૪) શાહપુર પો.સ્ટે. :

સાબરમતી નદીના ઉત્તર દિશા તરફ ગાંધીબ્રિજ પછી તરતથી શરુ થઇ દક્ષિણ દિશા તરફ નહેરુબ્રિજ સુધીના નદીના પટ સિવાયનો કિનારાનો વિસ્તાર, જેમાં કિનારાની હદમાં આવતાં નહેરુબ્રિજના ભાગ સાથેનો વિસ્તાર શાહપુર પોલીસ સ્ટેશન હદમાં રહેશે.

(૫) કારંજ પો.સ્ટે. :

સાબરમતી નદીના ઉત્તર દિશા તરફના નહેરુબ્રિજ પછી તરતથી શરુ થઇ દક્ષિણ દિશા તરફ એલીસબ્રિજ સુધીના નદીના પટ સિવાયનો કિનારાનો વિસ્તાર, જેમાં કિનારાની હદમાં આવતાં એલીસબ્રિજના ભાગ સાથેનો વિસ્તાર કારંજ પોલીસ સ્ટેશન હદમાં રહેશે.

(૬) ગાયકવાડ હવેલી પો.સ્ટે. :

સાબરમતી નદીના ઉત્તર દિશા તરફના એલીસબ્રિજ પછી તરતથી શરુ થઇ દક્ષિણ દિશાએ સરદારબ્રિજ સુધીનો નદીના પટ સિવાયનો કિનારાનો વિસ્તાર, જેમાં કિનારાની હદમાં આવતાં સરદારબ્રિજના ભાગ સાથેનો વિસ્તાર ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન હદમાં રહેશે.

(૭) દાણીલીમડા પો.સ્ટે. :

સાબરમતી નદીના ઉત્તર દિશાએ સરદારબ્રિજ પછી તરથી શરુ થઇ દક્ષિણ દિશા તરફ આંબેડકરબ્રિજ થઇ શાસ્ત્રીબ્રિજ સુધીના નદીના પટ સિવાયનો કિનારાનો વિસ્તાર, જેમાં કિનારાની હદમાં આવતાં આંબેડકરબ્રિજ તથા શાસ્ત્રીબ્રિજના ભાગ સાથેનો વિસ્તાર દાણીલીમડા પોલીસ સ્ટેશન હદમાં રહેશે.

## સાબરમતી રીવરફ્રન્ટ પોલીસ સ્ટેશન (વેસ્ટ)નો હદ વિસ્તાર:

ગાંધીબ્રિજ નીચેના ભાગ સહીત દક્ષિણ તરફ નહેરુબ્રિજ, વિવેકાનંદબ્રિજ, સરદારબ્રિજ, આંબેડકરબ્રિજ નીચેના ભાગ સહીત દક્ષિણ દિશામાં અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં સાબરમતી નદીના પાણી તથા પટ સહીત પૂર્વ તથા પચ્ચિમના રીવરફ્રન્ટમાં આવેલ રોડ, રસ્તાઓ તથા ફુટપાથ સહીતના સમગ્ર વિસ્તારનો સમાવેશ થાય છે.

(૧) ચાંદખેડા પો.સ્ટે. :

સાબરમતી નદીના ઉત્તર દિશા તરફથી દક્ષિણ દિશાએ મોટેરા ગામથી આશારામ આશ્રમથી મોટેરા સ્ટેડીયમ સહીતનો નદીના પટ સિવાયનો કિનારાનો વિસ્તાર ચાંદખેડા પોલીસ સ્ટેશન હદમાં રહેશે.

(૨) સાબરમતી પો.સ્ટે. :

સાબરમતી નદીના ઉત્તર દિશાએ મોટેરા સ્ટેડીયમ પછી તરતથી શરુ થઇ અચેર થઇ રેલવેબ્રિજ થઇ સુભાષબ્રિજ થઇ ચંદ્રભાગાબ્રિજ સુધીના નદીના પટ સિવાયનો કિનારાનો વિસ્તાર જેમાં ઉપરની હદમાં આવતાં બ્રિજના ભાગ સાથેનો વિસ્તાર સાબરમતી પોલીસ સ્ટેશન હદમાં રહેશે.

(૩) નારણપુરા પો.સ્ટે. :

સાબરમતી નદીના ઉત્તર દિશાએ ચંદ્રભાગાબ્રિજ તરતથી શરુ થઇ દધિચીબ્રિજથી જુનાવાડજ ગામ અને ગાંધીબ્રિજ સુધીના નદીના પટ સિવાયના કિનારાનો વિસ્તાર જેમાં ઉપરની હદમાં આવતા બ્રિજના ભાગ સાથેનો વિસ્તાર નારણપુરા પોલીસ સ્ટેશન હદમાં રહેશે.

(૪) નવરંગપુરા પો.સ્ટે. :

સાબરમતી નદીના ઉત્તર દિશાએ ગાંધીબ્રિજ પછી તરતથી શરુ થઇ નહેરુબ્રિજ સુધીના નદીના પટ સિવાયનો કિનારાનો વિસ્તાર જેમાં ઉપરની હદમાં આવતા બ્રિજના ભાગ સાથેનો વિસ્તાર નવરંગપુરા પોલીસ સ્ટેશન હદમાં રહેશે.

(૫) એલીસબ્રિજ પો.સ્ટે. :

સાબરમતી નદીના ઉત્તર દિશાએ નહેરુબ્રિજ પછી તરતથી શરુ થઇ એલીસબ્રિજ થઇ સરદારબ્રિજ સુધી આંબેડકરબ્રિજ સુધીના નદીના પટ સિવાયનો કિનારાનો વિસ્તાર જેમાં

ઉપરની હદમાં એલીસબ્રિજ, સરદારબ્રિજ તથા આંબેડકરબ્રિજના ભાગ સાથેનો વિસ્તાર એલીસબ્રિજ પોલીસ સ્ટેશન હદમાં રહેશે.

(૬) વેજલપુર પો.સ્ટે. :

સાબરમતી નદીના ઉત્તર દિશાએ આંબેડકરબ્રિજ પછી તરતથી શરુ થઇ શાસ્ત્રીબ્રિજ સુધી નદીના પટ સિવાયના કિનારાનો વિસ્તાર જેમાં ઉપરની હદમાં આવતા શાસ્ત્રીબ્રિજના ભાગ સાથેનો વિસ્તાર વેજલપુર પોલીસ સ્ટેશન હદમાં રહેશે.

તારીખ :- ૨૬/૫/૨૦૧૫

સિક્કો :-

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

પ્રતિ.

- તમામ પોલીસ સ્ટેશન / શાખાઓના પો.ઇ.શ્રીઓ (વધારાની ૧૦ નકલો સાથે)
  ૨/ જાહેરનામાની નકલો જાહેર જગ્યાએ ચોટાડી તેની નોંધ એક નકલ પર કરી અને તે નકલ ઓફિસ રેકર્ડમાં રાખવી.

- તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ
- મદદનીશ પોલીસ કમિશનરશ્રી ટ્રાફિક શાખા (વધારાની ૧૦ નકલો સાથે)
  ૨/ લાઉડ સ્પીકર સાથે બહોરો પ્રચાર કરવા સારુ
- જન સંપર્ક અધિકારીશ્રી
  ૨/ પ્રેસ નોટ બહાર પાડવા સારુ
- સિનિયર આસિસ્ટન્ટ પબ્લીક પ્રોસિક્યુટરશ્રી ભદ્ર તથા મિરઝાપુર કોર્ટ અમદાવાદ શહેર. (૧૮+૧૮ નકલો સાથે).
- મેનેજરશ્રી ગવર્મેન્ટ પ્રેસ વડોદરા
  ૨/ ગવર્મેન્ટ ગેજેટ ભાગ – ૪ માં એટેસ્ટ / ઓડીનરી ગેઝેટમાં તાત્કાલીક પ્રસિધ્ધ કરી ગેજેટની ૨૦૦ નકલો અત્રેની કચેરીને તાત્કાલીક મોકલવા સારુ.
- પોલીસ કમિશનરશ્રી કચેરી , તથા મુખ્ય મથકની સઘળી શાખાઓ તરફ
  <u>નકલ સવિનય રવાના</u>
- અધિક મુખ્ય સચિવશ્રી ગૃહ વિભાગ ગુજરાત સરકાર સચિવાલય ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજ્ય ગાંધીનગર